**GJKH010033402026**

**દાખલ તારીખ** :- ૦૨.૦૬.૨૦૨૬
**નોંધ્યા તારીખ** :- ૦૨.૦૬.૨૦૨૬
**ફેંસલ તારીખ** :- ૦૭.૦૭.૨૦૨૬
**સમય ગાળો** :- વર્ષ માસ દિવસ
૦૦-૦૦-૦૫

सत्यमेव जयते

**ખેડા જિલ્લાના મહે. એડિશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં,**
**મુકામ:- નડીયાદ.**

**ફોજદારી રીવીઝન અરજી નં.૩૮/૨૦૨૬**
**આંક**

**અરજદાર:-** **તેજશભાઈ સુરેશભાઈ પટેલ,**
ઉ.વ.૫૦, ધંધો:- વેપાર,
રેહવાસી:- માચાશેરી, મુ. સારસા,
તા.જી.આણંદ.
(હાલ જીલ્લા જેલ, બીલોદરા)

**વિરૂદ્ધ**

**સામાવાળા:-** **સરકાર શ્રી,**

**બાબત:-** **બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ (ક્રિ. પ્રો. કોડ કલમ-૩૯૭) મુજબ રીવીઝન અરજી.**

---

**અરજદાર/મૂળ આરોપી તરફે વિ.વ.શ્રી બી.જે.કાંટાવાલા**

**સામાવાળા સરકાર તરફે વિ. પી.પી.શ્રી જી.વી.ઠાકુર**

**મૂળ ફરિયાદી પક્ષે વિ.વ.શ્રી પી.જી.શાહ પટેલ**

---

## –:: <u>ચુકાદો</u> ::–

(૧) અરજદારે હાલની રીવીઝન અરજી ગળતેશ્વરનાં વિ. જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી ધ્વારા ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નાં કામે આંક–૮૯ ની અરજદારને જેલ મુકત કરવાની અરજી નમંજુર કરતા કરેલ હુકમથી નારાજ થઇને કરેલ છે.

(૧.૧) હાલની રીવીઝન અરજીનાં અરજદાર ટ્રાયલ કોર્ટ સમક્ષનાં ફોજદારી કેસમાં મૂળ આરોપી હોય તેમજ મૂળ ફરિયાદીને રીવીઝન અરજીમાં પક્ષકાર તરીકે જોડેલ ન હોય, તેઓ જરૂરી અને અસરકર્તા પક્ષકાર હોય, આંક–૧ તળે હુકમ કરી, તેઓને પક્ષકાર તરીકે નોટીસ કરવામાં આવેલ.

(૨) અરજદારે તેમની અરજીમાં જણાવેલ છે કે, વિ. ટ્રાયલ કોર્ટે અરજદાર ને ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ ના કામે તા.૧૭.૦૨.૨૦૨૩ નાં રોજ એન.આઇ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને વળતર પેટે રૂા.૫,૦૦,૦૦૦/– એક માસમાં ચુકવી આપવા અને આરોપી જો વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ કરેલ તેમજ ફોજદારી કેસ નં.૬૬૪/૨૦૧૭ ના કામે અરજદારને તકસીરવાન ઠરાવી બે વર્ષ છ માસની સજાનો હુકમ કરેલ. અરજદારને બંને કેસોના કામે તા.૨૦.૦૫.૨૦૨૩ નાં રોજ જેલ વોરંટ ભરી જેલમાં મોકલી આપેલ અને આજદિન સુધી અરજદાર જેલમાં છે. ટ્રાયલ કોર્ટે અરજદારને ફરમાવેલ સજાનો સમય પુરો થઇ જતા અરજદારે તેઓના વિ.વ.શ્રી મારફતે ટ્રાયલ કોર્ટ સમક્ષ ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નાં કામે આંક–૮૯, તા.૦૫.૦૩.૨૦૨૬ નાં રોજ જેલ મુકત કરવા અરજી કરેલ જે ટ્રાયલ કોર્ટે તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ નામંજુર કરતા હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

(૨.૧) વધુમાં જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલો, કાયદાની જોગવાઇ, ન્યાય નિતી તથા કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે. વધુમાં, નામ. ટ્રાયલ કોર્ટે દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા વગર હુકમ કરેલ છે. નામ. ટ્રાયલ કોર્ટે મૂલ્યાંકન અને અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરેલ છે. વધુમાં, આ કામના અરજદાર સામેના બે અલગ અલગ કેસો એક જ કોર્ટમાં ચાલેલા અને બંને કેસોમાં જેલ વોરન્ટ ભરતા બંને કેસોમાં ફરાવેલ સજા અટક થયા તારીખથી જ શરૂ થયેલી ગણાય તેમ છતાં જીલ્લા જેલરે અરજદારની સજાનો સમયગાળો પુરો થઇ ગયેલ હોવા છતાં બી.એન.એસ.એસ. ની કલમ–૨૫ મુજબની તેઓની યાદીમાં ગણતરી કરીને આપેલ છે તે કાયદા વિરૂધ્ધની છે અને જીલ્લા જેલરના વોરન્ટમાં સ્પષ્ટ સજાનો હુકમ જણાવેલ હોવા છતાં અરજદારને જેલ મુકત ન કરેલ જેથી અરજદારને ટ્રાયલ કોર્ટમાં અરજી કરેલ જે પણ નામંજુર કરેલ છે. વધુમાં, જજમેન્ટમાં પણ કયાંય બંને કેસોની સજા અલગ અલગ ભોગવવી તેમ લખેલ નથી. ઉપરોકત હકીકત ધ્યાને લઇ અરજદારની રીવીઝન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) સામાવાળાને ધારા ધોરણસરની નોટીસ કરતા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી જી.વી.ઠાકુર હાજર થયેલ છે તેમજ મૂળ ફરિયાદપક્ષે વિ.વ.શ્રી પી.જી.શાહ પટેલ હાજર થયેલા.

(૪) અરજદારે ટ્રાયલ કોર્ટે સમક્ષ ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નાં કામે ફરમાવેલ સજાનો સમયગાળો પુર્ણ થઇ જતા તા.૦૫.૦૩.૨૦૨૬ નાં રોજ જેલ મુકત કરવા અરજી કરેલ જે અરજી નામંજુર કરતો હુકમ કરેલ હોય અને તે હુકમ સામે હાલની રીવીઝન કરેલી હોય, ટ્રાયલ કોર્ટમાંથી ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નું અસલ રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ મંગાવવામાં આવેલ છે.

(૫) અરજદાર તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ટ્રાયલ અદાલત ધ્વારા અરજદારને જેલ મુકત કરવાની અરજી ઉપર કરેલ હુકમ, રેકર્ડ, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ કરેલ હોય તેમાં કોઈ હસ્તક્ષેપ ન કરતા કાયમ રાખવા રજુઆત કરેલ છે.

(૬) અરજદારની રીવીઝન અરજી, ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ ના કામે ટ્રાયલ કોર્ટે આંક–૮૯ ની અરજી હેઠળ તા.૧૨.૦૩.૨૦૨૬ નાં રોજ કરેલ હુકમ, ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ વંચાણે લીધુ. બંને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. તમામ હકીકતો ધ્યાને લેતા હાલની અરજીનાં આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>– : : મુ દ્દા : : –</u>

૧. શું અરજદાર સાબીત કરે છે કે, ગળતેશ્વરના વિ. જયુ.મેજી. ફ.ક. શ્રીએ ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નાં કામે આંક–૮૯ ની અરજી હેઠળ તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ ફરમાવેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી છે અને હસ્તક્ષેપ પાત્ર છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. **હકારમાં....**

૨. **આખરી હુકમ મુજબ.**

<u>– : : કા ર ણો : : –</u>

(૮) સી.આર.પી.સી.કલમ–૩૯૭ ની જોગવાઈ ધ્યાને, વંચાણે લઈએ તો,

***Section 397 - Calling for records to exercise powers of revision.***

***(1)*** ***The High Court or any Sessions Judge may call for and examine the record of any proceeding before any inferior Criminal Court situate within its or his local jurisdiction for the purpose of satisfying itself or himself as to the correctness, legality or propriety of any finding, sentence or order,- recorded or passed, and as to the regularity of any proceedings of such inferior Court, and may, when calling for such record, direct that the execution of any sentence or order be suspended, and if the accused is in confinement, that he be released on bail or on his own bond pending the examination of the record.***

***Explanation.- All Magistrates whether Executive or Judicial, and whether exercising original or appellate jurisdiction, shall be deemed to be inferior to the Sessions Judge for the purposes of this sub- section and of section 398.***

***(2)*** ***The powers of revision conferred by sub- section (1) shall not be exercised in relation to any interlocutory order passed in any appeal, inquiry, trial or other proceeding.***

***(3)*** ***If an application under this section has been made by any person either to the High Court or to the Sessions Judge, no further application by the same person shall be entertained by the other of them.***

(૮.૧) સી.આર.પી.સી. કલમ–૩૯૭ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લઈએ તો,***Amit Kapoor vs Ramesh Chander & Anr*** *on 13 September, 2012, CRIMINAL APPEAL NO.1407 OF 2012, (Arising out of SLP (Crl.) No.1516 of 2010.*

***8.*** *Before examining the merits of the present case, we must advert to the discussion as to the ambit and scope of the power which the courts including the High Court can exercise under Section 397 and Section 482 of the Code Section 397 of the Code vests the court with the power to call for and examine the records of an inferior court for the purposes of satisfying itself as to the legality and regularity of any proceedings or order made in a case. The object of this provision is to set right a patent defect or*

*an error of jurisdiction or law. There has to be a well- founded error and it may not be appropriate for the court to scrutinize the orders, which upon the face of it bears a token of careful consideration and appear to be in accordance with law. If one looks into the various judgments of this Court, it emerges that the revisional jurisdiction can be invoked where the decisions under challenge are grossly erroneous, there is no compliance with the provisions of law, the finding recorded is based on no evidence, material evidence is ignored or judicial discretion is exercised arbitrarily or perversely. These are not exhaustive classes, but are merely indicative. Each case would have to be determined on its own merits.*

***12.*** *The jurisdiction of the Court under Section 397 can be exercised so as to examine the correctness, legality or proprietary of an order passed by the trial court or the inferior court, as the case may be. Though the section does not specifically use the expression 'prevent abuse of process of any court or otherwise to secure the ends of justice', the jurisdiction under Section 397 is a very limited one. The legality, proprietary or correctness of an order passed by a court is the very foundation of exercise of jurisdiction under Section 397 but ultimately it also requires justice to be done. The jurisdiction could be exercised where there is palpable error, non-compliance with the provisions of law, the decision is completely erroneous or where the judicial discretion is exercised arbitrarily. On the other hand, Section 482 is based upon the maxim quando lex liquid alicuiconcedit, conceder videtur id quo res ipsa esse non protest, i.e., when the law gives anything to anyone, it also gives all those things without which the thing itself would be unavoidable. The Section confers very wide power on the Court to do justice and to ensure that the process of the Court is not permitted to be abused.*

**મુદ્દા નં.૧ :–**

(૯) આ કામે હાલની રીવીઝન અરજી અરજદાર/મૂળ આરોપી દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ (સી.આર.પી.સી.કલમ– ૩૯૭) અન્વયે ગળતેશ્વરના વિ. જ્યુ.મેજી.ફ.ક.શ્રીએ ફોજદારી કેસ

નં. ૬૬૪/૨૦૧૭ ના કામે અરજદારની આંક–૮૯ ની જેલ મુકત કરવાની અરજી નામંજુર કરેલ જેનાથી નારાજ થઈને દાખલ કરેલ છે.

(૯.૧) અરજદાર/મૂળ આરોપીની રીવીઝન અરજી, રીવીઝન અરજી સાથે રજુ થયેલ રેકર્ડ, અરજદાર/મૂળ આરોપી પક્ષનાં વિ.વ.શ્રીની દલીલો તથા સરકાર શ્રી પક્ષે વિ. એડી.પી.પી.શ્રીની દલીલો તેમજ મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રીનાં વાંધા લક્ષમાં લીધા. ટ્રાયલ કોર્ટનું ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નું રેકર્ડ ધ્યાને લીધુ. ટ્રાયલ કોર્ટ ધ્વારા હાલના અરજદાર/મૂળ આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં કેસમાં તા.૧૭.૦૨. ૨૦૨૩ નાં રોજ આખરી હુકમ કરી, અરજદાર/મૂળ આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તેમજ રૂા.૫,૦૦,૦૦૦/– નું વળતર ફરિયાદીને ચુકવવાનો હુકમ કરેલ અને જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ. અરજદાર/મૂળ આરોપી પક્ષે રીવીઝન અરજીમાં જણાવેલ વિગતે અરજદારને તા.૨૦.૦૫.૨૦૨૩ નાં રોજ જેલમાં મોકલવામાં આવેલ ત્યારથી તેઓ જેલમા છે. વિશેષમાં હાલના અરજદાર/મૂળ આરોપી સામે સામાવાળા/મૂળ ફરિયાદી ધ્વારા જ અન્ય ફોજદારી કેસ નં.૬૬૪/૨૦૧૭ દાખલ કરવામાં આવેલ જે કેસમાં પણ ટ્રાયલ કોર્ટ ધ્વારા અરજદાર/મૂળ આરોપીને ઉપર મુજબની સજા તથા વળતર ચુકવવાનો હુકમ અને વિકલ્પે છ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. અરજદાર/મૂળ આરોપી પક્ષની મુખ્ય દલીલ ધ્યાને લેતા, તેઓના જણાવ્યા મુજબ આરોપી ધ્વારા તા.૨૦.૦૫.૨૦૨૩ થી બે વર્ષની મૂળ સજા તેમજ વળતર ન ચુકવવા બદલની સાદી કેદની સજા ભોગવી લીધેલ છે અને આ સમયગાળો પુર્ણ થયેથી તેઓએ ટ્રાયલ કોર્ટ સમક્ષ આંક–૮૯ થી અરજી રજુ કરી, અરજદાર/મૂળ અરોપીને જેલ મુકત કરવા અરજ કરેલ જે તળે ટ્રાયલ કોર્ટે તા.૧૨.૦૩.૨૦૨૬ નાં રોજ હુકમ કરી,

આંક–૮૯ ની અરજી નામંજુર કરેલ જે હુકમથી નારાજ થઇ હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે.

**(૧૦)** મૂળ ફરિયાદ પક્ષે રીવીઝન અરજી સામે વાંધા નોંધાવી વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક–૮૯ તળે કરેલ હુકમ યોગ્ય અને ન્યાયી છે તેમજ ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં. ૬૬૩/૨૦૧૭ તેમજ ફોજદારી કેસ નં.૬૬૪/૨૦૧૭ તળે એક સાથે સજા ભોગવવાનો હુકમ કરેલ નથી જેથી એક કેસની સજા પુર્ણ થયા બાદ આરોપીએ બીજા કેસની સજા ભોગવવાની રહે છે. જેથી ટ્રાયલ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ યોગ્ય હોય, રીવીઝન અરજી રદ કરવા તેઓએ રજુઆત કરેલ છે.

**(૧૧)** ઉપરોકત સમગ્ર હકીકતો સાથે મૂળ આરોપી ધ્વારા દાખલ કરવામાં આવેલ ફોજદારી રીવીઝન અરજી નં.૩૮/૨૦૨૬ તથા અન્ય રીવીઝન અરજી નં.૩૯/૨૦૨૬ તથા ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નું રેકર્ડ ધ્યાને લીધુ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતા મૂળ ફરિયાદી ગજાનન ટોબેકો કંપનીના પ્રોપરાઇટર ચંપાબેન નગીનભાઇ પટેલના કુ.મુ. નગીનભાઇ મણીભાઇ પટેલ ધ્વારા હાલના અરજદાર/મૂળ આરોપી તેજશભાઇ સુરેશભાઇ પટેલ વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરેલ. બંને ક્રીમીનલ કેસની વિગતો લક્ષમાં લેતા મૂળ ફરિયાદી સેવાલીયા (પાલી) ગામમા ખેતીની જમીન ધરાવે છે અને તમાકુની ખેતી કરે છે તેમજ ઉંચી ગુણવત્તાવાળી તમાકુ પકવતા હોય અને આરોપી તમાકુ ખરીદવાનો ધંધો કરતા હોય, સને–૨૦૧૧ નાં વર્ષમાં આરોપી તમાકુના નમુના લઈ ગયેલ અને કુલ ૩૩,૩૦૩ કીલો તમાકુ જેની ગુણ ૧૦૦૯ નો ભાવ નકકી કરીને તે તમાકુના વેચાણ બદલ આરોપીએ ફરિયાદીને રૂા.૨૫,૯૩,૭૨૦.૨૫/– પૈસા આપવાનાં બાકી નિકળતા હતા જે પેટે ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નો કેસ ચેક નં.૦૧૫૭૦૦, રૂા.૫,૦૦,૦૦૦/– અંગે તા.૨.૧૨.૨૦૧૩ નો

ચેક આપેલો જે અંગે દાખલ થયેલ છે. તેમજ ચેક નં.૦૧૫૬૯૯, રૂા.૫,૦૦,૦૦૦/– તા.૨૮.૧૧.૨૦૧૩ નો આપેલો જે અંગે ફોજદારી કેસ નં.૬૬૪/૨૦૧૭ દાખલ થયેલો.

**(૧૧.૧)**આ તબકકે નામ. સર્વોચ્ચ અદાલતનાં **વી.કે.બંસલ વિ. સ્ટેટ ઓફ હરીયાણા, તા.૦૫ જુલાઈ, ૨૦૧૩** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત લક્ષમાં લઈએ તો,

**14.** In. Madan Lal's case (supra) this Court relied upon the decision in Akhtar Hussain's case (supra) and affirmed the direction of the High Court for the sentences to run concurrently. That too was a case under Section 138 of the Negotiable Instruments Act. The State was aggrieved of the direction that the sentences shall run concurrently and had appealed to this Court against the same. This Court, Page 1011 however, declined interference with the order passed by the High Court and upheld the direction issued by the High Court.

**15.** In conclusion, we may say that the legal position favours exercise of discretion to the benefit of the prisoner in cases where the prosecution is based on a single transaction no matter different complaints in relation thereto may have been filed as is the position in cases involving dishonour of cheques issued by the borrower towards repayment of a loan to the creditor.

**16.** Applying the above test to the 15 cases at hand we find that the cases against the appellant fall in three distinct categories. The transactions forming the basis of the prosecution relate to three different corporate entities who had either entered into loan transactions with the State Financial Corporation or taken some other financial benefit like purchase of a cheque from the appellant that was on presentation dishonoured. The cases that have culminated in the conviction of the appellant and the award of sentences of imprisonment and fine imposed upon him may be categorised as under:

**1)** Cases in which complainant-Haryana State Financial Corporation advanced a loan/banking facility to M/s Arawali Tubes Ltd. acting through the appellant as its Director viz. No.269-II/97; No.549-II/97; No.393-II/97; No.371-II/97; No.372-II/97; No.373-II/97; No.877- II/96; No.880-II/96; No.878-II/96; No.876-II/96; No.879-II/96; No.485-II/96

**2)** Cases in which complainant-Haryana State Financial Corporation advanced a loan/banking facility to the appellant to M/s Arawali Alloys Ltd. acting through the appellant as its Director viz. No.156-II/1997 and No.396-II/1998

**3)** Criminal complaint No. 331-II/97 in which complainant-State Bank of Patiala purchased/discounted the cheque offered by Sabhyata Plastics acting through the appellant as its Director.

**17.** Applying the principle of single transaction referred to above to the above fact situations we are of the view that each one of the loan transactions/financial arrangements was a separate and distinct transaction between the complainant on the one hand and the borrowing company/appellant on the other. If different cheques which are subsequently dishonoured on presentation, are issued by the borrowing company acting through the appellant, the same could be said to be arising out of a single loan transaction so as to justify a direction for concurrent running of the sentences awarded in relation to dishonour of cheques relevant to each such transaction. That being so, the substantive sentence awarded to the appellant in each case relevant to the transactions with each company referred to above ought to run concurrently. We, however, see no reason to extend that concession to transactions in which the borrowing company is different no matter the appellant before us is the promoter/Director of the said other companies also. Similarly we see no reason to direct running of the sentence concurrently in the case filed by the State Bank of Patiala against M/s Sabhyata

Plastics and M/s Rahul Plastics which transaction is also independent of any loan or financial assistance between the State Financial Corporation and the borrowing companies. We make it clear that the direction regarding concurrent running of sentence shall be limited to the substantive sentence only. The sentence which the appellant has been directed to undergo in default of payment of fine/compensation shall not be affected by this direction. We do so because the provisions of Section 427 of the Cr.P.C. do not, in our opinion, permit a direction for the concurrent running of the substantive sentences with sentences awarded in default of payment of fine/compensation.

**18.** In the result, these appeals succeed but only in part and to the following extent:

1) Substantive sentences awarded to the appellant by the Courts of Judicial Magistrate, First Class, Hissar and Additional Chief Judicial Magistrate, Hissar, in Criminal complaint cases No.269-II/97; No.549-II/97; No.393- II/97; No.371-II/97; No.372-II/97; No.373-II/97; No.877- II/96; No.880-II/96; No.878-II/96; No.876-II/96; No.879-II/96; No.485-II/96 relevant to the loan transaction between Haryana Financial Corporation and Arawali Tubes shall run concurrently.

**2)** Substantive sentences awarded to the appellant by the Court of Judicial Magistrate, First Class, Hissar in Criminal complaint cases No.156-II/1997 and No.396-II/1998 between Haryana Financial Corporation and Arawali Alloys relevant to the transactions shall also run concurrently;

**3)** Substantive sentences inter se by the Court of Judicial Magistrate, First Class, Hissar in the above two categories and that awarded in complaint case No.331-II/97 shall run consecutively in terms of Section 427 of the Code of Criminal Procedure.

**(૧૧.૨)** ઉપરોકત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંત લક્ષમાં લેતા, "Single Transaction" નો સિધ્ધાંત આ ચુકાદામાં પ્રતિપાદીત કરેલ છે

અને એક જ વ્યવહાર "Single Transaction" માં અનેક ફરિયાદ અથવા ગુના ઉભા થાય ત્યારે સામાન્ય રીતે સજાઓ સાથે સાથે ચલાવવી યોગ્ય ગણાય, જો ગુનાઓ અલગ અલગ વ્યવહાર, અલગ તારીખ અથવા અલગ લેણાથી થયેલા હોય, તો સજાઓ ક્રમશઃ "Consecutive" ચાલે તે યોગ્ય છે. હાલનાં કેસમાં ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા તમાકુના એક જ વ્યવહારો પૈકીના બે અલગ અલગ ચેક નં.૦૧૫૭૦૦ તથા ૦૧૫૬૯૯ મૂળ આરોપીએ ફરિયાદીને આપેલા અને જે ચેકો પરત ફરતા બે અલગ અલગ ફરિયાદ મૂળ ફરિયાદી ધ્વારા દાખલ કરાવવામા આવેલ. આ સંજોગોમાં ટ્રાયલ કોર્ટનો આંક-૮૯ તળેનો હુકમ ધ્યાને લેતા તે હુકમમાં આપેલ તારણ નામ. સર્વોચ્ચ અદાલતના વી.કે.બંસલ(સુપ્રા) માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ન્યાયી તેમજ યોગ્ય જણાતા ન હોય, તે સંજોગોમાં અરજદાર/ મૂળ આરોપીની રીવીઝન અરજી મંજુર થવા પાત્ર હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧. અરજદારની હાલની **ફોજદારી રીવીઝન અરજી નં.૩૮/૨૦૨૬** આથી **મંજુર** કરવામાં આવે છે.

૨. ગળતેશ્વરનાં વિ. જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રી ધ્વારા ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ નાં કામે આંક-૮૯ ની અરજદારને જેલ મુકત કરવાની અરજી નમંજુર કરતો કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

૩. આ હુકમની એક નકલ તથા રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ તાત્કાલીક વિના વિલંબે ટ્રાયલ કોર્ટને મોકલી આપવુ.

**૪.** અરજદાર/આરોપીની અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો અરજદારને ફોજદારી કેસ નં.૬૬૩/૨૦૧૭ ના કામે જેલ મુકત કરવા ટ્રાયલ કોર્ટે યોગ્ય કાર્યવાહી કરવી.

સદર ચૂકાદો આજરોજ તા.૦૭ મી, માહે:–જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૭.૦૭.૨૦૨૬
સ્થળ: નડીયાદ.

**(હેમાંગ અશ્વિનભાઇ ત્રિવેદી)**
અધિક સેશન્સ જજ,
નડીયાદ
કોડ નં. **GJ**00591

(બી.બી.ત્રિવેદી)